**આકાશવાણી –ભુજ**

**સમાચાર વાચક: અશરફ નથવાણી**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ: ૦૯-૦૬-૨૦૨૪ રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## શપથ ગ્રહણ સમારોહ

પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે સવા સાત વાગે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી મોદીને તેમજ તેમના નવા મંત્રીમંડળને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

આ ઉપરાંત ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોગબે શપથ વિધિ સમારોહમાં ભાગ લેવા નવી દિલ્હી પહોંચ્યા છે. માલદીવના રાષ્ટ્રપતિ અને મોરેશિયસના પ્રધાનમંત્રી દિલ્હી પહોંચી ચૂક્યા છે. આ સંદર્ભે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના અને સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા.

શપથગ્રહણ સમારોહ પહેલા નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં રાજઘાટ ખાતે મહાત્મા ગાંધી અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની સમાધિ સ્થળ સદૈવ અટલ ખાતે શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી.

RNU અમદાવાદ

---

## કોંગ્રેસ સંસદીય દળ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીને સર્વસંમત્તિથી કોંગ્રેસ સંસદીય દળ – સીપીપીના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. પત્રકારો સાથેની વાતચીતમાં કોંગ્રેસ નેતા રાજીવ શુક્લાએ જણાવ્યું કે તેમણે આ પદ સ્વીકારી લીધું છે.

આ પૂર્વે કોંગ્રેસ કાર્ય સમિતિએ સર્વસંમતિથી એક પ્રસ્તાવ પસાર કર્યો હતો. જેમાં વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને લોકસભામાં વિપક્ષના નેતા તરીકે પસંદ કરાયા હતા. શનિવારે નવી દિલ્હીમાં સીડબલ્યૂસીની બેઠક બાદ પત્રકારોને સંબોધતા કોંગ્રેસના નેતા વેણુગોપાલે કહ્યું કે રાહુલ ગાંધીનું નેતૃત્વ એક મજબૂત અને સભાન વિપક્ષનું નિર્માણ કરશે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે લોકસભા ચૂંટણીના પરિણામોએ કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવાનું કામ કર્યું છે. વધુમાં તેમણે કહ્યું કે પક્ષ રાજ્ય સ્તરે ચૂંટણી પ્રદર્શનનું વિશ્લેષણ કરશે. વિસ્તારિત કોંગ્રેસ કાર્ય સમિતિની બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કોંગ્રેસના તમામ ચૂંટાયેલા સભ્યોને શુભેચ્છા પાઠવી હતી.

RNU અમદાવાદ

---

## લોક અદાલત

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના નેજા હેઠળ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ આગામી તારીખ 22મી જૂનના રોજ જિલ્લાની દરેક કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવશે.

જેમાં સમાધાનલાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ અન્વયેના કેસો, પ્રિ-લીટીગેશનના કેસો તથા અન્ય કેસોનું સુખ:દ સમાધાન કરવામાં આવશે.. તમામ પક્ષકારો, વકીલો તેમજ જુદી જુદી સંસ્થાના જવાબદાર અધિકારીઓએ આ રાષ્ટ્રીય લોક-અદાલતમાં ભાગ લેવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા દરેક તાલુકા કાનુની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવ્યું છે.

અશરફ નથવાણી

---

## નેત્રમ અંજાર

નેત્રમ પ્રકલ્પ હેઠળ પૂર્વ કચ્છમાં ગાંધીધામમાં કેમેરા મુકાયા બાદ અંજારમાં પણ આ યોજના અંતર્ગત ૧૦૬ cctv કેમેરા મૂકવાની દિશામાં કાર્ય ગતિમાં છે. અંજાર નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં 68 જેટલા કેમેરા મૂકવામાં આવ્યા હતા, જેનું સમારકામ સહિતની કામગીરી પોલીસ વિભાગમાં દ્વારા કરાઈ રહી છે.

અંજાર પોલીસ મથકની હદમાં સી.સી.ટી.વી. કેમેરા કંટ્રોલરૂમ નિર્માણનો ધમધમાટ પણ ચાલી રહ્યો છે. ઉચ્ચગુણવત્તાના કેમેરા થકી દૂર જતાં વાહનનો નંબર પણ સારી રીતે જોઈ શકાશે. હાલમાં 68 કેમેરા કાર્યરત છે, ત્યારે વધુ 106 કેમેરા ચાલુ થયા બાદ કુલ 173 જેટલા કેમેરા શહેરની ચોતરફ દેખરેખ કરી પોલીસને ગુના શોધનની કામગીરીમાં મદદરૂપ પુરવાર થશે.

અશરફ નથવાણી

---

## પશ્ચિમ કચ્છ પોલીસ ઊંટ દળ

પશ્ચિમ કચ્છ પોલીસ ના ઊંટ દળને વધુ મજબૂત બનાવવા પોલીસે વ્યાયામ આદર્યો છે, જેમાં ઊંટની ખાલી જગ્યા ભરવા ઊંટ ખરીદીનો કેમ્પ આવતીકાલે ખાવડા ખાતે યોજાશે. આ અંગે ભુજ સરહદી રેન્જની કચેરીએ જાહેર કરેલી વિગતો મુજબ રાજ્ય માઉન્ટેડ વિભાગની ઊંટની ખાલી જગ્યાની અવેજીમાં નવા ઊંટની ખરીદી માટે આવતીકાલે  સવારે ૪ વાગ્યે ખાવડાના પોલીસ મથક નજીક ઊંટ ખરીદીનો કેમ્પ રાખવામાં આવ્યો છે, જેમાં અંદાજે 44 ઊંટની ખરીદી થશે. સાડા ત્રણથી પાંચ વર્ષના તેમજ શરીરે મજબૂત બાંધો તથા સવારી માટે ઉત્તમ ઊંટના વેચાણ માટે રસ ધરાવતા માલિકોએ કેમ્પમાં હાજર રહેવા એક યાદીમાં જણાવાયું છે.

**જી.કે.યાદી / અશરફ નથવાણી**

---

## હવામાન

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં છુટાછવાયા જ્યારે દક્ષિણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

**પ્રાદેશિક સમાચાર**

---

## ભારત - પાકિસ્તાન મેચ

I.C.C. ટી-20 વિશ્વકપની 19મી મેચ આજે ભારત અને પાકિસ્તાનની ટીમ વચ્ચે ન્યૂયૉર્કમાં રમાશે. જ્યારે બીજી મેચ ઑમાન અને સ્કોટલેન્ડ વચ્ચે એન્ટીગુઆમાં રમાશે.

કેપ્ટન રોહિત શર્માની આગેવાનીમાં ભારતે આયર્લેન્ડ સામે આઠ વિકેટથી જોરદાર જીત સાથે તેમના અભિયાનની શરૂઆત કરી હતી. જ્યારે પાકિસ્તાનની ટીમે યુએસએ સામે સુપરઑવરમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

**પ્રાદેશિક સમાચાર**

---

# કંડલા વાવાઝોડાને ૨૬ વર્ષ પૂર્ણ

કચ્છ માં કંડલા ના દરિયા કિનારે ત્રાટકેલ વિનાશકારી વાવાઝોડા ની હોનારત ને આજે 26 વર્ષ પૂરા થાય છે 1998 ની 9 મી જૂન નાં દિને કંડલા ના કિનારે આવેલ વાવાઝોડા એ કંડલા મહાબંદર ને તહસ નહસ કરી નાખ્યું હતું બંદર નજીક ની વસાહતો નષ્ટ થઈ હતી અને મોટી જાનહાનિ સાથે ભારે વિનાશ વેરાયો હતો. જોકે,તરત સહાય મળતાં બંદર ઝડપ થી ધમધમતું થયું હતું.

કચ્છ નાં લોકો આ વિનાશક વાવાઝોડાને હજુ પણ વીસરી શક્યા નથી.

**અશરફ નથવાણી**